ભારે ઉત્તેજના વચ્ચે આજે ગાંધીનગર બેઠકની મતગણતરી

૧૭ ઉમેદવારોનું રાજકીય ભાવિ ખુલશે : ૧૭થી ૨૭ રાઉન્ડમાં ગણતરી થશે : ૮ હોલમાં મતગણતરી હાથ ધરાશે : ૧૨૦૦થી વધુ કર્મચારીઓ સેવામાં : પોસ્ટલ બેલેટની ગણતરી માટે અલાયદો હોલ બનાવાયો : ૧૮ વિડિયોગ્રાફર દ્વારા મતગણતરીની વિડિયોગ્રાફી કરાશે : તમામ તૈયારીઓ પૂર્ણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર લોકસભાની બેઠક પરની મતગણતરી આજે ગાંધીનગર આર્ટ્સ-કોમર્સ કૉલેજ સેક્ટર-૧૫ ખાતે સવારે ૮ વાગ્યાથી શરૂ થસે. આ માટેની તૈયારીઓ સંપૂર્ણ થઈ ગઈ છે.

ગાંધીનગર બેઠક પર ૧૭ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. જો કે સીધી સ્પર્ધા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અને કોંગ્રેસના ઉમેદવાર તેમજ ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડા વચ્ચે જ રહેશે.

૧૭ રાઉન્ડથી ૨૭ રાઉન્ડમાં આ મતગણતરી કરવામાં આવનાર છે. જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. લાંગાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ૧૨૦૦થી વધુ કર્મચારીઓ મતગણતરીના કાર્યમાં જોડાશે. પ્રથમ રાઉન્ડ ગણવામાં ૪૫ મિનિટ જેટલો સમય લાગશે. ઈ.વી.એમ.ની ગણતરી પહેલા પોસ્ટલ બેલેટની ગણતરી હાથ ધરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સાત વિધાનસભા મતક્ષેત્રો આવે છે એટલે એક સાથે સાતેય હોલમાં ઈ.વી.એમ.ની ગણતરી કરવામાં આવશે. પોસ્ટલ બેલેટ માટે એક અલાયદો હોલ પંચની સૂચના મુજબ બનાવવામાં આવ્યો છે. જ્યાં ચાર ટેબલ પર પોસ્ટલ બેલેટ ગણવામાં આવશે. આ પોસ્ટલ બેલેટ ૨૩મીની સવારના ૭ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. એક ટેબલ પર ૫૦૦ મતની ગણતરી થશે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં મતગણતરીનું પરિણામ જેમ જેમ રાઉન્ડ સંપન્ન થસે તેમ તેમ માઈક પરથી જાહેર કરવામાં આવશે. તેમજ બીગ સ્ક્રીન પણ મુકવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે. મતગણતરી મથકમાં ક્લોકરૂમ પણ બનાવવામાં આવ્યો છે. કોઈને પણ મોબાઈલ ફોન સાથે પ્રવેશ આપવામાં આવશે નહિ.

આ મતગણતરીની કામગીરીને લઈ થ્રી-લેયર સુરક્ષા પણ સમગ્ર સંકુલને આપવામાં આવી હોવાની વાત જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાએ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ટ્રાફીકના પણ પ્રશ્નો ઉભા ના થાય તે માટે પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પાર્કીંગની ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

અમિત શાહના વિજયને વધાવવા વિજય સરઘસ નિકળશે

ભાજપના કાર્યકરો તેમજ નેતાઓમાં ઉત્સાહનુ મોજુ : વિજય સરઘસ દરમિયાન પેંડા વિતરણ કરાશે : ભવ્ય આંતશબાજીનુ પણ આયોજન

ગાંધીનગર તા ૨૨

રાજકીય ઉત્તેજનાના માહોલ વચ્ચે આજે લોકસભાની ચુંટણીનુ પરિણામ જાહેર થશે. સે-૧૫ સ્થિત મતગણતરી કેન્દ્ર ખાતે સવારથી મતગણતરીની પ્રક્રીયા હાથ ધરાશે. ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતાની જીત નિશ્ચિત હોવાથી ભાજપના નેતાઓ તેમજ કાર્યકરો જીતનુ સેલિબ્રેશન કરવા માટે તૈયારીમાં લાગી ગયા છે. મતગણતરી કેન્દ્રથી ભવ્ય વિજય સરઘસ નિકળશે. જયારે આ દરમિયાન નાગરિકોને પેંડાનુ વિતરણ કરાશે. ભાજપના કાર્યકરો દ્વારા આંતશબાજી પણ કરવામાં આવશે. રાષ્ટ્રીય નેતાની જીત ઐતિહાસિક બની રહેશે તેમ માનતા ભાજપના આગેવાનો પણ જીતના જશ્નને વધુ શાનદાર બનાવવા ઉત્સુક બન્યા છે.

લોકસભાની ચુંટણી આજે પરિણામ જાહેર થવાનુ હોવાથી રાજકીય પક્ષો સહીત આમ નાગરિકોમાં પ્રબળ ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. ચુંટણીનુ પરિણામ જાહેર થવાનુ હોવાથી રાજકીય પક્ષોએ પોતાના જીતનો દાવો કરી સેલિબ્રેશન માટે પુરતી તૈયારીઓ અને તામજામ પણ કરી લીધા છે. ગાંધીનગરની પ્રતિષ્ઠાભરી બેઠકના પરિણામ તરફ સમગ્ર દેશની નજર છે. ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ અહીંથી ચુંટણી લડયા હોવાથી ભાજપના કાર્યકરો તેમજ આગેવાનો સહીત આમ મતદારો પણ પરિણામ તરફ મીટ માંડીને બેઠા છે. જયારે અમિત શાહનો વિજય નિશ્ચિત હોવાનુ મનાઈ રહ્યુ હોવાથી તેમને કેટલા મતોની લીડ મળશે તે અંગે પણ રાજકીય વિવેચકો અટકળો સેવી રહ્યા છે. એક્ઝિટ પોલના આંકડા સામે આવ્યા બાદ ભાજપની સરકાર સત્તામાં આવશે તેમ પણ સ્પષ્ટ થઇ રહ્યુ છે. ત્યારે ભાજપના રાષ્ટ્રીય નેતાની જીતને વધાવવા માટે પણ તડામાર તૈયારીઓ કરી દેવાઇ છે. સે-૧૫ ની કોલેજના મતગણતરી કેન્દ્ર પર સ્ક્રીન પણ મુકી દેવાયો છે. જયારે પોલીસ પહેરા વચ્ચે મતગણતરી સવારે શરૂ થશે. જેને અનુલક્ષીને સ્થાનિક નેતાઓ અને કાર્યકરોમાં પણ ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. આવા સંજોગોમાં ભાજપના રાષ્ટ્રીય નેતાની જીતને વધાવવા માટે પણ કાર્યકરોએ પૈડા વિતરણ સહીત આંતશબાજીની તૈયારીઓ પણ કરી દીધી છે. અમિત શાહની વિકટરીને વધાવવા માટે સ્થાનિક તેમજ પ્રદેશના નેતાઓ પણ ઉત્સુક બન્યા છે. ત્યારે સ્થાનિક નાગરિકો પણ આ સેલિબ્રેશનમાં જોડાવવા ઉત્સુક હોવાનુ સામે આવ્યુ છે. અમિત શાહની જીતને વધાવવા માટે ભવ્ય વિજય સરઘસનુ પણ આયોજન કરાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર બેઠક પરની સરસાઈ મામલે શરતોનું બજાર ગરમાયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર બેઠક પર વિજેતા ઉમેદવારની સરસાઈને લઈ શરતોનું બજાર આજે વધુ ગરમ બન્યું છે.

ભાજપના ઉમેદવાર અમિત શાહના વિજયનો દાવો ચાર લાખથી વધુ લીડથી થશે તેવો કરવામાં આવી રહ્યો છે. જ્યારે કોંગ્રેસ પાતળી સરસાઈ સાથે બેઠક જીતવાનો વિશ્વાસ પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ભાજપની સરસાઈ ૧.૫૦થી ૨ લાખ જેટલી જ રહેશે તેવી વાતો પણ શરતોમાં હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત અમિત શાહ રાજ્યસભા છોડશે કે લોકસભા બેઠક છોડશે તેને લઈ પણ શરતો લાગી રહ્યાની વાતો ચર્ચામાં છે. જોકે સમગ્ર રાજકીય વર્તુળોમાં કેટલી બેઠકો કઈ પાર્ટીને મળશે તેની વાતો સાથે રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ છે.

એક્ઝીટ પોલમાં ગુજરાતમાં કોંગ્રેસને ૨ થી ૪ બેઠકો દર્શાવવામાં આવી છે. જો કે કોંગ્રેસના ઉમેદવાર અને ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડાએ આજે એવો દાવો કર્યો છે કે, ગુજરાતમાં કોંગ્રેસ ૧૦ થી ૧૨ બેઠકો પર વિજયી થશે. તેમણે કહ્યું કે, ગાંધીનગરની બેઠક પર તેમના વિજય માટે તેઓ આશાવાદી જરૂર છે પણ જ્યોતિષી નથી એટલે આગાહી નથી કરતો પરંતુ મતદારોના સંપર્ક અભિયાનમાં મળેલા સમર્થનથી હું પાતળી સરસાઈથી વિજેતા બનીશ તેવો વિશ્વાસ જરૂર છે.

૮ સુરક્ષા કર્મીઓને સારવાર માટે સિવીલની સેવા માટે ભલામણ કરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સંસદીય મતવિસ્તારના મતગણતરીના કેન્દ્રો પર છેલ્લા એક માસથી રાઉન્ડ ધી ક્લોક ફરજો બજાવતા સુરક્ષા કર્મીઓનું આજે મેડીકલ ચેક-અપ કરવામાં આવ્યું હતું.

૭૦ જેટલા કર્મીઓનું આજે મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. જે પૈકી ૮ જેટલા કર્મીઓને ડાયાબીટીસ અને હાઈ-બી.પી. જણાયું હતું. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે, મતગણતરીના દિવસે મતગણતરી મથક ખાતે એક મેડીકલ ટીમ એમ્બ્યુલન્સ સાથે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ત્યાં તૈનાત કરવામાં આવશે. તંત્ર દ્વારા મેડીકલ ટીમ સવારથી જ ફરજ પર લાગી જશે. ગરમીનો પ્રકોપ હોવાથી પુરતી દવાઓના જથ્થા સાથે ટીમ હાજર રહેશે.

મનપા વૉર્ડ-૩ની મતદારયાદી પ્રસિદ્ધ થઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મનપામાં વોર્ડ નં.૩માંથી વિજેતા થયેલા પૂર્વ મેયર પ્રવિણ પટેલે આપેલા રાજીનામાથી ખાલી પડેલી બેઠક માટે આ વૉર્ડની પેટાચૂંટણીની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આજે આ વૉર્ડની મતદાર યાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી છે. મનપા દ્વારા મનપાના નોટીસબોર્ડ સહિત ૮ સ્થાનો પર આ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેથી મતદારોએ તેમના નામ યાદીમાં છે કે નહિ તે ચકાસી લેવા જણાવ્યું છે.

રાજયમાં પરિણામની ટકાવારીની દ્રષ્ટીએ ગાંધીનગર જિલ્લો પાંચમાં ક્રમે

છેલ્લા ત્રણ વર્ષથી સુરતનો ક્રમ પ્રથમ મેગાસીટીની સાપેક્ષમાં પણ ગાંધીનગરમાં શિક્ષણનુ સ્તર નીચે ધકેલાયુ

ગાંધીનગર તા ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. જયારે બોર્ડનુ પરિણામ ૬૬.૯૭ ટકા જાહેર થયુ છે. જે ગત વર્ષની સાપેક્ષમાં માત્ર ૦.૪૭ ટકા વધુ છે. રાજયમાં જિલ્લાવાર પરિણામની દ્રષ્ટીએ ગાંધીનગર પાંચમાં ક્રમે છે. ગત વર્ષની સાપેક્ષમાં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ સરખુ છે. જયારે પરિણામની ટકાવારીની દ્રષ્ટીએ સુરત પ્રથમ ક્રમે છે. વિજ્ઞાન પ્રવાહની જેમ સુરત, મોરબી, રાજકોટ અને અમદાવાદ સીટી ગાંધીનગર કરતા પરિણામની દ્રષ્ટીએ ધો -૧૦ માં પણ આગળની હરોળમાં છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો-૧૦ ની પરીક્ષાનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. ધો -૧૦ માં સમગ્ર રાજયમાં સતત ત્રીજા વર્ષે પણ સુરત પ્રથમ ક્રમે છે. સુરત જિલ્લાનુ પરિણામ ૭૯.૬૩ ટકા આવ્યુ છે. જયારે બીજા ક્રમે મોરબીનુ પરિણામ ૭૪.૦૯ ટકા અને ત્રીજા ક્રમે રાજકોટનુ પરિણામ ૭૩.૯૨ ટકા રહ્યુ છે. આ ઉપરાંત અમદાવાદ સીટી ચોથા ક્રમે છે. અમદાવાદ શહેરનુ પરિણામ ૭૨.૪૫ ટકા આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લો ૭૧.૯૮ ટકા પરિણામ સાથે પાંચમા ક્રમે છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ધો -૧૦ માં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૭૦ થી ૭૧ ટકાની આસપાસ જ રહ્યુ છે. જયારે પ્રથમ ક્રમે આવનાર સુરત અને ગાંધીનગર જિલ્લાના પરિણામ વચ્ચે ૮ ટકાનો તફાવત છે.

● અનુસંધાન પાન-૭ પર

KNOWLEDGE THAT ENLIGHTENS

ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

રાંધેજા, માણસા - ગાંધીનગર હાઈ-વે, તા. જિ, ગાંધીનગર

Admission Open 11th /12th Science

Science Result 2019

J.P.Sir
M. 96012 71081
82009 09364

Contact us : M. 99099 26436 (W)

Web : www.gipschools.com | e-mail : gips.school.@yahoo.com

11th & 12th Science
ગુજરાતી માધ્યમ & English medium School
NEET/JEE/GUJCET & STATE BOARD(NCERT)

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
સુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેકશન - ૩ મુજબ માન્ય ડીમ્ડ હુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૩૦૦/૨૮૫

પ્રવેશ જાહેરાત ૨૦૧૯-૨૦૨૦

નીચેની વિદ્યાશાખા અંતર્ગત વિવિધ વિષયોમાં અનુસ્નાતક (માસ્ટર ડિગ્રી) માટે પ્રવેશ ઉપલબ્ધ છે.

(૧) વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી : MCA, PGDCA, PGDCHN, MBA (Rural Management રાંધેજા સંકુલ) **(૨) ભાષાઓ અને સાહિત્ય :** MA ગુજરાતી, હિન્દી, અંગ્રેજી (English સાદરા), પ્રયોજનમૂલક હિન્દી અનુસ્નાતક ડિપ્લોમા, હિન્દી અનુવાદ અનુસ્નાતક ડિપ્લોમા, **(૩) સામાજિક વિજ્ઞાન :** MA અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, જૈનદર્શન **(૪) ગાંધીદર્શન અભ્યાસક્રમ :** ગાંધી અધ્યયન **(૫) વ્યાવસાયિક અભ્યાસક્રમ :** MA માનવ સંસાધન વિકાસ (HRD), પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન (MJMC), સમાજકાર્ય (MSW), મનોચિકિત્સકીય સમાજકાર્ય (MPSW), ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન (B.Lib., M.Lib.), દૃશ્યશ્રાવ્ય કાર્યક્રમ નિર્માણ અનુસ્નાતક ડિપ્લોમા **(૬) શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન :** M.P.E.S., M.P.Ed, B.P.Ed (સાદરા), MYASc. (માસ્ટર ઑફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ), યોગવિદ્યામાં અનુસ્નાતક ડિપ્લોમા, યોગવિદ્યા પ્રમાણપત્ર (અમદાવાદ) **(૭) વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન :** M.Sc. માઈક્રોબાયોલોજી, M.Sc. ઍન્વાયર્મેન્ટલ સાયન્સિસ એન્ડ ટેક્નોલોજી (સાદરા)

લઘુત્તમ લાયકાત :

(૧) M.Sc. (માઈક્રોબાયોલોજી), MSW, યોગ વિદ્યા, MBA અને MCA માં પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવશે. M.Sc. (B.Sc. માં ૫૫%) તેમજ MSW, MPSW માટે સ્નાતક કક્ષાએ ૫૦% જરૂરી

(૨) M.A. / PG Diploma (દરેક વિષય) માટે સ્નાતક કક્ષાએ ૪૦% જરૂરી

પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે

અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૫/૦૬/૨૦૧૯

નોંધ : ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે ૧૦% તેમજ દિવ્યાંગને ૫ ટકા અને જમ્મુ કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.

ખાસ નોંધ : ઉપરોક્ત તમામ વિષયોની સંપૂર્ણ માહિતી અને અરજીપત્ર ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org ઉપર ઉપલબ્ધ છે.
ઉપરોક્ત દરેક અભ્યાસક્રમમાં છેલ્લાં વર્ષ/સત્રની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.

તા. ૨૨/૦૫/૨૦૧૯ ભરત જોશી, કા. કુલસચિવ

Swarnim Gujarat Sports University, Gandhinagar

Swarnim Gujarat Sports University, Gandhinagar અને National Institute of Mountaineering and Allied Sports, Dirang ના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના યુવાનો માટે સ્કુબા ડાઈવીંગ તેમજ પેરામોટરીંગ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

Special Confined SCUBA Diving Course (Swimming Pool)

બેચ	તારીખ	સમયગાળો	ઉપલબ્ધ બેઠકો
પ્રથમ બેચ	૨૭મે - ૩૦ મે ૨૦૧૯	૪ દિવસ	એક બેચમાં ૧૨ તાલીમાર્થીઓ
દ્વિતીય બેચ	૨ જૂન - ૫ જૂ ૨૦૧૯		
ત્રીજી બેચ	૮ જૂન - ૧૧ જૂન ૨૦૧૯		
ચોથી બેચ	૧૪ જૂન - ૧૭ જૂન ૨૦૧૯		
પાંચમી બેચ	૨૦ જૂન - ૨૩ જૂન ૨૦૧૯		
છઠ્ઠી બેચ	૨૬ જૂન - ૨૯ જૂન ૨૦૧૯		

Special Paramotoring (Winch Launch) Course

બેચ	તારીખ		ઉપલબ્ધ બેઠકો
પ્રથમ બેચ	૨૭ મે - ૫ જૂન ૨૦૧૯	૧૦ દિવસ	એક બેચમાં ૨૦ તાલીમાર્થીઓ
દ્વિતીય બેચ	૮ જૂન - ૧૭ જૂન ૨૦૧૯		
ત્રીજી બેચ	૨૦ જૂન - ૨૯ જૂન ૨૦૧૯		

કોર્ષ અંગેની વિગતો, એપ્લીકેશન ફોર્મ, મેડીકલ ફોર્મ તેમજ ફી અંગેની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે અથવા યુનિવર્સિટી ઓફિસથી કામના દિવસોમાં સવારે ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમિયાન મેળવી શકાશે.

વધુ માહિતી સંપર્ક કરો.
કો-ઓર્ડિનેટર, ડિપાર્ટમેન્ટ ઓફ એડવેન્ચર સ્પોર્ટ્સ, સ્પોર્ટ્સ એન્ડ યુથ અફેર્સ,
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
info.sgsu@gnail.com I +૯૧ ૯૯૨૪૧ ૨૪૯૧૧, ૦૭૯-૨૩૨૮૮૩૬૪

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com